Extra No. 139

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **MONDAY, MAY 25, 2026 / JYAISTHA 4, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું ::-

- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણના જા.નં.પીબી/જનરલ/૧૫૨૧/૨૦૨૬ તા.૨૬/૦૫/૨૦૨૬.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનું :-

જાહેરનામા ક્રમાંક,એમએજી(૧)/વશી/૬૧૯૩ થી ૬૨૫૭/૨૦૨૬ - કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણના જા.નં.પીબી/જનરલ/૧૫૨૧/૨૦૨૬ તા.૨૬/૦૩/૨૦૨૬ થી પાટણ પેટા વિભાગ હસ્તકના કાંસા-સરીયદ-સાંપ્રા-ઉદરા રોડ કિ.મી.૦/૦ થી ૧૭/૬૮૦ રસ્તાના રી-થી કન્સ્ટ્રકશન, સી.સી. રોડ, સરફેસીંગની કામગીરી કરવા માટે રોડ ઉપરથી પસાર થતા ભારે વાહનોનો ટ્રાફિક બંધ કરી અન્ય રસ્તા પર તા.૦૧/૦૪/૨૦૨૬ થી તા.૩૦/૧૦/૨૦૨૬ (૭ માસ) સુધી પ્રતિબંધિત કરી નીચે મુજબના અન્ય રસ્તા ઉપર ડાયવર્ઝન આપવા માટે જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

ક્રમ	રૂટ	રસ્તાનો પ્રકાર	અંતર
૧	કંબોઈ-મેલુસણ-કાંસા-પાટણ(એસ.એચ.૧૩૦) રોડ	એસ.એચ.	૨૮.૦૦૦ કિ.મી.

સબબ, કાંસા-સરીયદ-સાંપ્રા-ઉદરા રોડ કિ.મી.૦/૦ થી ૧૭/૬૮૦ રસ્તાના રી-કન્સ્ટ્રકશન, સી.સી. રોડ, સરફેસીંગની કામગીરી કરવાના કામે આ રોડ ભારે વાહનો માટે બંધ કરી અન્ય રસ્તા પર ડાયવર્ટ કરવાની માંગણી પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ કાંસા-સરીયદ-સાંપ્રા-ઉદરા રોડ કિ.મી.૦/૦ થી ૧૭/૬૮૦ રસ્તાના રી-કન્સ્ટ્રકશન, સી.સી. રોડ, સરફેસીંગની કામગીરી કરવાના કામે આ રોડ પર ભારે વાહનો પસાર થવા પર પ્રતિબંધ ફરમાવું છું તથા ભારે વાહનો માટે નીચેના વૈકલ્પિક જાહેર રસ્તાનો ઉપયોગ કરવા આદેશ ફરમાવું છું.

ભારે વાહનો માટે ડાયવર્ઝન રૂટ			
ક્રમ	રૂટ	રસ્તાનો પ્રકાર	અંતર
૧	કંબોઈ-મેલુસણ-કાંસા-પાટણ(એસ.એચ.૧૩૦) રોડ	એસ.એચ.	૨૮.૦૦૦ કિ.મી.

અમલવારીનો સમયગાળો::-

આ જાહેરનામું, જાહેરનામામાં સહી કર્યા તારીખથી ૬૦ (સાઈઠ) દિવસ સુધી અમલમાં રહેશે.

શિક્ષા ::-

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ / વ્યક્તિ / સંસ્થા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ -૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓએ કરવાની રહેશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા કરવાની રહેશે. તેમજ “ભારે વાહનો માટે રોડ/બ્રિજ બંધ છે”, “ડાયવર્ઝન” જેવા બોર્ડ જે તે સ્થળોએ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણએ મુકવાના રહેશે.

આજ રોજ તારીખ :૧૮/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે છે.

તુષાર ભટ્ટ IAS
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.25 17:18:19 IST